કોમ્પ્યુટર કૌશલ્યની CCC પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવા બાબત.

12952

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: ભમશ/૧૧૧૫/૬૨૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૮/૦૬/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧ /૦૬/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: રહમ/૧૦૨૦૧૬ /૨૮૧ /ક.

(૨) કમિશનરશ્રી શાળાઓની કચેરીનો તા.૧૩/૦૧/૨૦૨૧ નો પત્ર ક્રમાંક: ઘ/પેન-૩/રહેમરાહ /સીસીસી/૨૦૨૧/૧૧૪ .

**પરિપત્ર:**

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૬/૨૦૧૬ ના વંચાણે લીધા ક્રમાંક(૧)ના ઠરાવથી રહેમરાહ નિમણૂંક પામેલ વિધવા મહિલા કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા અને તાલીમ નિયમો-૨૦૦૬ થી નિયત થયેલ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. આ જોગવાઈનો અમલ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રહેમરાહે નિમણૂંક પામેલ બિન શૈક્ષણિક વિધવા મહિલા કર્મચારીઓના કિસ્સામાં પણ લાગુ પાડવા અંગે કમિશનરશ્રી શાળાઓની કચેરીએ તા.૧૩/૦૧/૨૦૨૧ ના વંચાણે લીધા ક્રમાંક: (૨) ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૬/૨૦૧૬ ના વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવની જોગવાઈઓ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રહેમરાહે નિમણૂંક પામેલ બિન શૈક્ષણિક વિધવા મહિલા કર્મચારીઓના કિસ્સામાં પણ લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

રહેમરાહે યોજના હેઠળ નિમણૂંક પામેલ વિધવા મહિલા કર્મચારીઓ તેમની સામાજિક જવાબદારીઓને કારણે કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી. પરીક્ષા પાસ કરી શકતા નથી. આથી, પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રહેમરાહે યોજના હેઠળ નિમણૂંક પામેલ બિન શૈક્ષણિક વિધવા મહિલા કર્મચારીઓ પૂરતું તેમને ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા અને તાલીમ નિયમો-૨૦૦૬ થી નિયત થયેલ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવા સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

Scanned by CamScanner

આ પરિપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તારીખ ૦૩/૦૧/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એચ.હેડંબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી).
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રી(ક,ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ આ અંગે આગળની કાર્યવાહી કરવા સારૂ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

ક્રમાંક:/ ૨૩૧૯૮-૨૩૯૯૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તારીખ:3/1/2022

ર/- નકલ રવાના જાણ વ અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(ગ્રાન્ટેડ) તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner